ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૧.૦ ડીગ્રી
લઘુતમ : ૨૬.૫ ડીગ્રી
ભેજ
સવારે ૮૫ ટકા ● સાંજે ૮૪ ટકા

# આજે શહેરમાં સોશ્યલ ડિસ્ટન્સ સાથે 'સંવત્સરી' ઉજવાશે

## પહેલીવાર શહેરમાં જૈન શ્રધ્ધાળુઓએ પર્યુષણ પર્વની આરાધના ઘરે રહીને કરી : સંવત્સરીના દિવસે કલ્પસૂત્ર વાંચન સહિત પ્રતિક્રમણ પણ ઘરેથી જ કરાશે : ફોનથી એકબીજાને 'મિચ્છામી દુક્કડમ' પાઠવશે

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગરમાં આ વર્ષે કોરોના મહામારીના સમયમાં દરેક તહેવારો અને ધાર્મિક પર્વો ઘણા બધાં પરિવર્તનો સાથે ઉજવાઈ રહ્યા છે. આ વર્ષે કોરોના કાળમાં જૈનોના મહાપર્વ પર્યુષણ પર્વની પણ ઉજવણી અલગ રીતે થઈ રહી છે જેમાં જૈન શ્રધ્ધાળુઓએ સંયમ અને ભકિતના આ પર્વની ઉજવણી ઘરે રહીને કરી હતી. આવતીકાલે શનિવારે આ પર્વનો અંતિમ દિવસ એટલે કે સંવત્સરી છે અને આ દિવસે પણ શહેરમાં સોશિયલ ડિસ્ટન્સ સાથે ખૂબ મર્યાદિત સંખ્યામાં પ્રતિકાત્મક પ્રતિક્રમણ યોજાશે. શહેરના મોટાભાગના જૈન પરિવારો પોતાના ઘરે જ પ્રતિક્રમણ કરીને સંવત્સરીની ઉજવણી કરશે અને ત્યારબાદ એકબીજાને ફોનથી 'મિચ્છામી દુક્કડમ' પાઠવશે. શહેરના મોટાભાગના દેરાસરોમાં આ વર્ષે પ્રતિક્રમણ યોજાશે નહી અને કલ્પસૂત્ર વાંચનથી માંડીને પ્રતિક્રમણની સમગ્ર પૂજા જૈન શ્રધ્ધાળુઓ પોતાના ઘરેથી કરશે.



● કોરોના મહામારીના સમયે સરકારના અને સંઘના નિયમોનું પાલન કરી અમારા પરિવારોએ પર્યુષણ મહાપર્વની ઉજવણી ઘરમાં રહી વિવિધ આરાધના મારફત કરી છે જેમાં જૈન ધર્મના અલભ્ય પુસ્તકોનું વાંચન, સવાર સાંજના પ્રતિક્રમણ કરી ધર્મ આરાધના કરી છે. સામુહિક આરાધનામાં ઉત્સાહ અદભૂત રહે છે પરંતુ આ કપરા સમયમાં ઘરને મંદિર બનાવવાનો મોકો મળ્યો છે.

**- નિરંજન શાહ 'નીર'**

● પ્રભુ વીરના જન્મ મહોત્સવની ઉજવણી ઘરે ઘરે સોસાયટી સોસાયટીમાં ખૂબ ઉલ્લાસપૂર્વક થઈ. પહેલાં એમ લાગ્યું હતું કે આ વખતે પર્વાધિરાજ પર્યુષણ પર્વમાં આરાધનાથી વંચિત રહી જઈશું, પરંતુ જયારે ચારેય તરફથી જાણવા મળે કે ઘરે ઘરે કલ્પસૂત્રનું વાંચન, સવાર-સાંજ પ્રતિક્રમણ પરિવાર સાથે ઉલ્લાસપૂર્વક થઈ રહ્યા છે ત્યારે એમ કહેવાનું મન થાય કે 'ગાજે રે મારા વીરનું શાસન ગાજે રે... અનુમોદના.'



**- દિપક શાહ**



● પર્યુષણ મહાપર્વની આરાધનામાં એક નવી અનુભૂતિ, આત્મનિર્ભર જીવનમાં આત્મનિર્ભર ધાર્મિક ક્રિયાઓ કરવાનો અમૂલ્ય અવસર મળ્યો. સંકટમાં શ્રધ્ધા વધુ બળવાન બને છે, તે આત્માથી અનુભવ્યુ. સરકારની ગાઈડલાઈન પ્રમાણે ઘરે બેસી બધી જ આરાધના કરવાની એક અલગ ક્ષણો રોમાંચક અને વધુ ભકિતમય બની. સર્વે જીવોની ક્ષમા માંગતા સૌની ક્ષમા યાચું છું.

**- રાજવી મહેતા**

● સંવત ૨૦૭૬ના વર્ષ દરમિયાન કોવિડ-૧૯ના કારણે શરૂઆતમાં લોકડાઉન અને ત્યારબાદ અનલોકના ત્રણ ત્રણ તબક્કા દરમયાન સોશિયલ ડિસ્ટન્સના પાલન અર્થે ઘરમાં બેઠાં બેઠાં ધર્મ ધ્યાન અને સ્વાધ્યાય કરવાની તક મળી. પર્યુષણ પર્વ દરમિયાન પ્રતિક્રમણ અને વ્યાખ્યાન શ્રવણની ક્રિયાઓ પણ ઘરે બેઠાં કરી અને તે દ્વારા ઈશ્વરની અનુભૂતિ કરી. દેરાસર-ઉપાશ્રય ગયા વગર ઉપલબ્ધ પુસ્તકોમાંથી દરરોજ વ્યાખ્યાનનું વાંચન કરીને ધન્યતા અનુભવી.



**- રીતિન મોદી**

● પર્યુષણ મહાપર્વ તા. ૧૫મી ઓગષ્ટથી શરૂ થયા બાદ સરકારશ્રીના આદેશ મુજબ અમારા શ્રીસંઘમાં દરેક અનુષ્ઠાનો, કર્તવ્યો, પૂજા દર્શન, કલ્પસૂત્ર, વહોરવાનું તથા વાંચવાનું ઉપરાંત ચૌદ મહાસ્વપ્ન જેવો મોટો કાર્યક્રમ પણ સકળ શ્રી સંઘે ઘરે બેસી વિવિધ આરાધનાઓ સહિત સુંદર રીતે કર્યો હતો. જિનાલયમાં તથા ઉપાશ્રયમાં તેમજ સંકુલમાં તમામ પ્રસંગો સંપૂર્ણ સોશિયલ ડિસ્ટન્સ રાખી, માસ્ક પહેરાવી, સેનેટાઈઝ કરીને મર્યાદિત સંખ્યામાં ફરજિયાત નિયમબધ્ધ રીતે કર્યા હતા. કોરોના મહામારીમાં સરકારશ્રીની કામગીરની પ્રસંશા સાથે સર્વ જીવરાશીને સમસ્ત જૈન સંઘના 'મિચ્છામી દુક્કડમ'.



**- જયેશભાઈ મહેતા**

● આ કોરોના મહામારીએ જીવન જીવવાના અનેક નવા અનુભવો કરાવેલ છે. જેમાં ઘરે બેઠા પણ ધર્મ આરાધના પ્રભુ ભકિત કરી શકાય તેની પ્રતીતિ કરાવેલ છે. ધર્મ વગરનું જીવન શકય નથી માટે દરેક વ્યકિતએ પોતના ધર્મ કર્મને આ વિકટ સ્થિતિમાં પ્રાધાન્ય આપેલ છે. જૈન સમાજ દ્વારા પર્યુષણ મહાપર્વ દરમિયાનની પ્રભુ પૂજા પ્રતિક્રમણ ભકિતસંધ્યા જેવા કાર્યો ઘરે બેઠા કરીને તથા કલ્પસૂત્રના પ્રવચનો અને પ્રભુ મહાવીરના જન્મ વાંચન પૂજય ગચ્છાધિપતિ આચાર્ય ભગવંત શ્રી તથા અન્ય આચાર્ય ભગવંતો અને મુનિ ભગવંતો તથા સાધ્વી ભગવંતોની નિશ્રામાં ઉલ્લાસપૂર્વક ઉજવાયેલ પ્રસંગમાં યુ ટયુબના માધ્યમથી ઘરે બેઠા ઉજવણી કરેલ છે. આમ આ મહાપર્વની ઉજવણી હર્ષોલ્લાસ સાથે થયેલ છે.



**- હેમેન્દ્ર શાહ**

● હાલ કોરોના મહામારી દરમિયાન લોકડાઉન પછીથી અનલોકની સરકારશ્રીની ગાઈડલાઈનના પાલન સાથે પર્યુષણ મહાપર્વની ઉજવણી દરેક જૈન પરિવાર દ્વારા ઘરે બેઠા કરાયેલ છે. આ મહાપર્વ દરમિયાન દરેક ઘરે દેરાસર ઉપાશ્રયની સ્થાપના થઈ હોય તેવો અનુભવ થવા પામેલ છે. નાના ગ્રુપમાં નિત્ય પ્રતિક્રમણ પ્રભુ પૂજા સામાયિક જાપ, યુ ટયુબ દ્વારા ગુરુ ભગવાનના પ્રવચનો ગુરુવાણી તેમજ સંધ્યા ભકિતના લાભ સાથે આ સમયને ધર્મમય બનાવેલ છે. વિશેષમાં પ્રભુ મહાવીરના જન્મ કલ્યાણનો ઉત્સવ સરકારશ્રીની ગાઈડલાઈનના પાલન સાથે સે-૨૨ ઉપાશ્રય ખાતે પરમ પૂજય ગચ્છાધિપતિશ્રીની નિશ્રામાં હર્ષભેર ઉજવાયેલ છે. આમ આ વિકટ સ્થિતિમાં ઘરે ઘરે દેરાસર ઉપાશ્રયનો માહોલ જોવા મળેલ છે.



**- કૌશિક શાહ**



### માર્કેટમાં મંગલમૂર્તિની માટીની મૂર્તિઓ....!!

વિઘ્નહર્તા, દુઃખ હર્તા, સૌના પ્યારા દુંદાળા દેવ સિધ્ધિ વિનાયક ગણપતિજીનું પર્વ શનિવારથી પ્રારંભ થઈ રહ્યું છે. આ વર્ષે કોરોના મહામારીને કારણે સરકારે સ્પષ્ટ સૂચના આપી છે કે જે શ્રધ્ધાળુઓ પોતાના ઘરે ગણેશજીનું સ્થાપન કરશે તેમણે વિસર્જન પણ પોતાના ઘરે જ કરવાનું રહેશે. આ કારણે આ વર્ષે ગજાનનની માટીની મૂર્તિઓની માંગ વધી જવા પામી છે. જે કાર્ય આટલાં વર્ષોથી સમજાવટથી નહોતું થતું તે કાર્ય કોરોના મહામારીએ કરી દેખાડયું છે. અને આ વર્ષે પર્યાવરણને નુકસાન પહોંચાડનારી પ્લાસ્ટર ઓફ પેરિસની મૂર્તિઓથી નદીઓ-જળાશયો પ્રદૂષિત થશે નહી. ગાંધીનગરના સેકટર-૨૧માં ગણેશચતુર્થી અગાઉ મંગલમૂર્તિની માટીની મૂર્તિઓ માર્કેટમાં ગોઠવાઈ ગઈ છે. આ મૂર્તિઓ અને પૂજાપો તથા વિવિધ સામાન ખરીદવા શ્રધ્ધાળુઓની ભીડ બજારમાં ઉમટી પડી હતી.

## વૈષ્ણોદેવી સર્કલ પાસેથી એકટીવાની ચોરી

ગાંધીનગર, તા.૨૦

અમદાવાદ ચાંદખેડા ગુજરાત હાઉસીંગ બોર્ડ ખાતે રહેતા ઉમેશભાઈ મગનભાઈ રાઠોડ સિલાઈ મશીન એન્ડ સર્વિસનું કામ કરે છે. ફરીયાદીએ ૮ વર્ષ પહેલા ખરીદેલુ એકટીવા નં. જી.જે.૦૧.એન.કયુ.-૬૯૫૩ છે. ગતરોજ સવારના સુમારે તેઓને એકટીવા લઈને બાવળા મામલતદાર કચેરી જવા માટે નીકળ્યા હતા. પરંતુ એકટીવા વૈષ્ણોદેવી સર્કલ પાસે ખુલ્લી જગ્યામાં વરંડામાં દિવાલને અડાડીને મુકીને ગયા હતા. જયારે બાવળા ખાતે નોકરી કરીને પરત રાત્રીના ૮ વાગ્યાના અરસામાં વૈષ્ણોદેવી સર્કલ પાસે જતા વરંડામાં પાર્ક કરેલું એકટીવા ગાયબ હતું. એકટીવા અંગે આસપાસના વિસ્તારમાં તપાસ કરી હતી. પરંતુ એકટીવા પોતાની રીતે શોધખોળ કરવા છતા ના મળી આવતા આખરે પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે એકટીવા ચોરને પકડી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.



લાયન્સ કલબ ગાંધીનગર અને સ્ટેટ મોડલ આયુર્વેદિક હોસ્પિટલ કોલવડા દ્વારા કોરોના સામે રક્ષણ આપતા આયુર્વેદિક ઉકાળાનું વિતરણ સચિવાલય ગેટ નં. ૧ ખાતે કરવામાં આવ્યું હતું. વરસતા વરસાદમાં ઉપસ્થિત સર્વે દ્વારા ૮૫ મિનિટ સુધી અવિરત ઉકાળાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં આયુર્વેદિક હોસ્પિટલમાં નાયબ અધિક્ષક સ્ટેટ મોડલ કોલવડાના રાકેશભાઈ ભટ્ટ, લાયન હરિભાઈ સોલંકી, કે.પી. પ્રજાપતિ, ઉમંગભાઈ પંડયા, શૈલેષભાઈ પટેલ તથા રામચંદ્ર વ્યાસ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

## રંગ અવધૂત પરિવાર દ્વારા ગણપત્યથર્વશીર્ષના ૫૧ પાઠ કરાશે

ગાંધીનગર, તા.૨૧

ઘણા વર્ષોથી એક વર્ષે ગણપતિ યજ્ઞ તથા બીજા વર્ષે અત્તરથી અભિષેક કરવામાં આવે છે. આ વર્ષે કોરોનાની મહામારીને કારણે સરકારના નિયમો પ્રમાણે ૨૦ બ્રાહ્મણો પોતાના ઘરે ગણપતિજી ઉપર અત્તરથી ગણપત્યથર્વશીર્ષના ૫૧ પાઠથી અભિષેક કરશે અને અન્ય ભકતો ઘરે ૧૦૮ ગણપતિસ્ત્રોતના પાઠ કરશે તેમ સંસ્થા દ્વારા નકકી કરવામાં આવ્યું છે. આ ઉપરાંત અભિષેક માટે વિશ્વની મહામારીના નિવારણ અર્થેનો સંકલ્પ પણ કરવામાં આવનાર છે.



સંસ્કૃતિ મહિલા પરિવાર દ્વારા દર વર્ષે પવિત્ર શ્રાવણ માસમાં ધાર્મિક કાર્યક્રમો સાથે ધાર્મિક સ્થળના પ્રવાસનું આયોજન કરવામાં આવે છે પરંતુ આ વર્ષે કોરોનાની મહામારીને કારણે શ્રાવણ માસના દરેક તહેવારો સાથે સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી પણ ઓનલાઈન કરવામાં આવી હતી. સાથે ઓનલાઈન વિવિધ સ્પર્ધા યોજાઈ હતી. નગરના ધોળેશ્વર મહાદેવ મંદિર ખાતે સંસ્થાની બહેનોએ સોશિયલ ડિસ્ટન્સીંગ સાથે શિવસ્તુતિ કરી ઘરે પરત ફરી આરતી પણ કરી હતી.

## ચિલોડા-ડભોડા માર્ગ પર આકાશ એન્ટરપ્રાઈઝ પાસેથી બાઈકની ચોરી

ગાંધીનગર, તા.૨૦

ચિલોડા-ડભોડા માર્ગ પર આવેલી દુકાન પાસેથી બાઈકની ઉઠાંતરી થવા પામી છે. યુવકે ચિલોડા પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી બાઈક ચોરને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

મળતી વિગત મુજબ કલ્પેશ પરબતજી યાદવ ઉં.૩૨ પોતાના પરિવાર સાથે ડભોડા યાદવ નગર ખાતે રહે છે અને આકાશ એન્ટર પ્રાઈઝ ખાતે પેઈન્ટરની તરીકે નોકરી કરે છે.તેઓ નોકરી આવન જાવન માટે સ્પ્લેન્ડર બાઈકનો ઉપયોગ કરતા હતા. બાઈક નં.જી.જે.૧૮.સી.ઈ-૪૮૩૫ મારા પિતાએ ખરીદેલ હતું, પરંતુ તેનો ઉપયોગ ફરીયાદી કરતા હતા. ગત તા.૧૮ ના રોજ કલ્પેશ સવારના સમયે ચિલોડા પાસે આકાશ એન્ટરપ્રાઈઝમાં નોકરી આવ્યો હતો અને બાઈક માર્ગ પર મુકીને ગયો હતો. ત્યારબાદ બપોરે જમવા માટે ઘરે ગયો હતો અને ઘરે જમીને ફરીયાદ પરત ફર્યા હતા. જયારે સાંજના સુમારે નોકરીથી પરત ઘરે જતા જોયુ તો બાઈક પાર્ક કરેલી જગ્યા પર ન હતું. જેને પગલે આસપાસના વિસ્તારમાં તપાસ કરતા ન મળી આવતા યુવકે ચિલોડા પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી બાઈક ચોર શખ્સોને પકડી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

### ચિરવિદાય

- સ્વ. ધર્મેન્દ્રભાઈ બાલાભાઈ પટેલ, ઉ.વ. ૫૦, તેનપુર, તા. બાયડ, અરવલ્લી
- સ્વ. ગોલ તખુજી બાલુજી, ઉ.વ. ૬૮, વાવોલ, તા. ગાંધીનગર
- સ્વ. ઠાકોર કલાજી પ્રતાપજી, ઉ.વ. ૫૦, કોલવડા, તા. ગાંધીનગર
- સ્વ. સોલંકી વિક્રમજી શકરાજી, ઉ.વ. ૪૧, આલમપુર, તા. ગાંધીનગર
- સ્વ. બુધ્ધીસાગર નાનાલાલ શાહ, ઉ.વ. ૯૨, સેકટર-૨૧, ગાંધીનગર
- સ્વ. અંબાલાલ મુળાજી જાદવ, ઉ.વ. ૮૬, જેઠીપુરા (ફિરોજપુર) ગાંધીનગર
- સ્વ. સોલંકી સોનલબેન અશોકભાઈ, ઉ.વ. ૩૪, પ્રતાપનગર, તા. માણસા
- સ્વ. નાથીબેન મોહનભાઈ મકવાણા, ઉ.વ. ૮૪, સેકટર-૨૭, ગાંધીનગર
- સ્વ. વસંતસિંહ ભલાજી સોલંકી, ઉ.વ. ૩૫, ડભોડા, તા. ગાંધીનગર
- સ્વ. વાઘેલા અશોકભાઈ મનુભાઈ, ઉ.વ. ૪૧, જીઈબી છાપરાં, ગાંધીનગર
- સ્વ. પટેલ બળદેવભાઈ નરસિંહભાઈ, ઉ.વ. ૬૭, રાંધેજા, તા. ગાંધીનગર

## રાષ્ટ્રીય કુમ્હાર (પ્રજાપતિ) મહાસભા કાર્યકારી પ્રદેશ મહિલા અધ્યક્ષ મધુબેન પ્રજાપતિની વરણી

ગાંધીનગર, તા.૨૦

ગુજરાત પ્રદેશ અધ્યક્ષ ખોડાભાઈ વી. પ્રજાપતિના અધ્યક્ષ સ્થાને રાષ્ટ્રીય કુમ્હાર મહાસભાના સ્થાપના દિવસની ઉજવણી મહેસાણા ખાતે હોટલ શ્યામ ખાતે તાજેતરમાં કરવામાં આવી હતી. જેમાં ભગુભાઈ પ્રજાપતિ (રા.સંરક્ષકશ્રી), રમણભાઈ પ્રજાપતિ (રા.ઉપાધ્યક્ષશ્રી), કાંતિભાઈ પ્રજાપતિ (કાર્યકારીણી સદસ્યશ્રી), વિજય પ્રજાપતિ(જિલ્લા અધ્યક્ષ),મીનાક્ષીબેન પ્રજાપતિ (અમદાવાદ શહેર અધ્યક્ષા), નીતાબેન પ્રજાપતિ (મહેસાણા જિલ્લા અધ્યક્ષા) સહિત સમાજના આગેવાનો અને મહાનુભાવો હાજર રહ્યા હતા. મધુબેન બી.પ્રજાપતિ (ગાંધીનગર)ની મહિલા કાર્યકારી અધ્યક્ષા તરીકે નિમણુંક કરવામાં આવી છે. જયારે કાર્યક્રમનું સમગ્ર સંચાલન પ્રદેશ મુખ્ય મહાસચિવ અરવિંદભાઈ બી. પ્રજાપતિએ કર્યું હતું. ઉલ્લેખનીય છે કે મધુબેન પ્રજાપતિ ગાંધીનગર શહેર ભાજપ મહિલા મોરચામાં પણ મંત્રી તરીકે કાર્યરત છે.



## નગરના ઘરે ઘરે કેવડાત્રીજની પૂજા



ગાંધીનગર, તા.૨૧

ભાદરવા માસના શુકલ પક્ષ ત્રીજના દિવસે કરવામાં આવતું કેવડાત્રીજનું વ્રત જે સ્ત્રીઓ સૌભાગ્ય પ્રાપ્તિ માટે કરે છે તે દર વર્ષની જેમ આ વર્ષે પણ તમામ સૌભાગ્યવતી સ્ત્રીઓએ આજે કેવડાત્રીજનું વ્રત કર્યુ હતું. કોરોનાને કારણે ખાસ મંદિરમાં પૂજા થઈ ન હતી પરંતુ સે-૫ શિવશકિત મંદિર તથા સે-૭-સીના બહેનોએ પણ પૂજા કરી હતી. સોશિયલ ડિસ્ટન્સીંગ સાથે પૂજા યોજાઈ હતી. એ સિવાય લગભગ મોટાભાગની નગરની સ્ત્રીઓ દ્વારા પોતપોતાના ઘરે જ કેવડાત્રીજ વ્રતની પૂજા કરવામાં આવી હતી. દર વર્ષે નગરની બહેનો સવારથી તૈયાર થઈને સેકટરોના મંદિરમાં તથા ખાસ સે-૨૨ના પંચદેવ મંદિરમાં કેવડાત્રીજની પૂજા કરવા જતી અને બે દિવસ અગાઉથી જ આ વ્રત અંગેની તૈયારીઓ મંદિરમાં પણ શરૂ થઈ જતી પરંતુ આ વર્ષે કોરોનાને કારણે નગરની સ્ત્રીઓએ પોતપોતાના ઘરે જ મા શિવ પાર્વતીજીનું સ્થાપન કરી પૂજા કરી શણગાર ચઢાવ્યો હતો.

આ વ્રત કરવાથી સ્ત્રીઓને સૌભાગ્યની પ્રાપ્તિ થાય છે. આ દિવસે શંકર ભગવાન અને પાર્વતીજીની પૂજાનું વિશેષ મહત્વ છે. સારા વરની પ્રાપ્તિ માટે અપરિણીત કન્યાઓ પણ આ વ્રત રાખે છે અને નગરમાં આ વર્ષે ઘરે ઘરે જ પૂજા થતી હોવાથી ઘણી કુંવારી કન્યાઓએ પોતાની માતા કે બહેનપણીઓ સાથે આ વ્રત કર્યુ હતું. માથામાં કેવડો ચઢાવી કેવડો સુંઘીને જ પાણી કે ફલાહાર લેવાતો હોવાથી દરેક સ્ત્રીઓ પાસે કેવડો જોવા મળ્યો હતો.